ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ પાલિકાના ભ્રષ્ટાચાર છાપરે ચડી પોકારશે | અનઅધિકૃત બાંધકામને નિયમિત કરવા બાબતે 16મી જૂન સુધી અરજી કરી શકાશે

આણંદમાં બિલ્ડર્સના કૌભાંડમાં પ્રજાનો ખો નિકળશે

આણંદ મનપા વિસ્તારમાં મોટા ભાગે બિલ્ડર્સ દ્વારા નકશા વિરૂદ્ધ બાંધકામ કરવામાં આવ્યુ છે

(પ્રતિનિધિ) આણંદ તા.13

આણંદ મહાનગરપાલિકામાં આવતા આણંદ, વિદ્યાનગર, કરમસદ નગરપાલિકા તથા મોગરી, જીટોડીયા, ગામડી અને લાંભવેલ ગ્રામ પંચાયતમાં થયેલા ગેરકાયદે બાંધકામમાં સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઈમ્પેક્ટ અરજીની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જે સંદર્ભે 16મી જૂન સુધી અરજી કરવા તાકીદ કરી છે. જોકે, આણંદ શહેરમાં છેલ્લા દસકા દરમિયાન થયેલા બાંધકામમાં મોટા ભાગના નકશા વિરૂદ્ધ છે અને બારોબાર તેનું વેચાણ પણ કરી દેવામાં આવ્યું છે. હવે, નવા નિયમ મુજબ તેને નિયમિત કરવા ખરીદનારના ખિસ્સા પર બોજો આવશે.

આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં આવતા અનઅધિકૃત બાંધકામો જેમાં માર્જીન, બાંધકામ વિસ્તાર (બિલ્ટ અપ એરિયા), મકાનની ઉંચાઈ, વપરાશ ફેર (ચેન્જ ઓફ યુઝ) (સનદની શરતોને ઉપરવટ જઈ કોઈ પણ પરવાનગી આપવામાં આવશે નહી.), સહિયારા કોમન પ્લોટમાં થયેલા 50 ટકાની મર્યાદા સુધીનું 'પરવાનગીપાત્ર ઉપયોગ'નું બાંધકામ, કવર્ડ પ્રોજેકશન નિયમિત કરી શકાશે.

રેરા કાયદા હેઠળ જે બાંધકામોને નોટીસ આપેલી હોય, જે કિસ્સામાં મળવાપાત્ર એફએસઆઈ 1.0થી ઓછી હોય, રહેણાંક ઉપયોગ સિવાયના

વાણિજ્ય, શૈક્ષણીક, આરોગ્ય, ઔદ્યોગીક વિગેરે, બાંધકામોમાં સીજીડીસીઆર મુજબ મહત્તમ મળવાપાત્ર એફએસઆઈ કરતાં 50 ટકા વધારે FSI થતી હોય, પ્લોટની હદથી બહાર નિકળતા પ્રોજેકશન, પાણી પુરવઠા, ગટર વ્યવસ્થા, પાણીના નિકાલ, ઈલેકટ્રીક લાઈન, ગેસ લાઈન અને જાહેર ઉપયોગી સેવાઓ ઉપર કરેલા બાંધકામ સરકારી, સ્થાનિક સત્તામંડળોની જમીનો પરના બાંધકામ, ચોકકસ હેતુ માટે સંપાદન કે ફાળવણી કરાયેલી જમીનો, જાહેર રસ્તામાં આવતી જમીનો, જળ પ્રવાહ અને જળ સ્ત્રોત જેવા કે તળાવ, નદી, કુદરતી જળપ્રવાહ વિગેરે, ઓબ્નોલિયસ અને હેઝાર્ડસ ઔદ્યોગિક વિકાસના હેતુ માટે નિયત કરાયેલ વિસ્તાર, શૈક્ષણિક સંસ્થા સાથે જોડાયેલા રમત ગમતનું મેદાન, ફાયર સેફટીના કાયદા મુજબ સુસંગત ન હોય, સ્ટ્રક્ચરલ સ્ટેબીલીટીની જરૂરીયાત જળવાતી ન હોય, રેરા કાયદા હેઠળ ઠરાવેલ બિનઅધિકૃત બાંધકામ, ગુજરાત કલીનીકલ એસ્ટાબ્લીસમેન્ટ કાયદા મુજબ સુસંગત ન હોય તેવા બાંધકામો, પાર્કીંગની જોગવાઈ ન સંતોષાય તેવા બાંધકામો નિયમિત થઈ શકશે નહી. આણંદ મહાનગરપાલિકા વિસ્તારના અનઅધિકૃત વિકાસવાળા બાંધકામોને નિયમિત કરાવી લેવા માટે 16મી જૂન, 2025 સુધી આણંદ મહાનગરપાલિકામાં અરજી કરવાની રહેશે. જો નકકી થયેલી સમયમર્યાદામાં અનઅધિકૃત બાંધકામ નિયમિત કરાવી લેવામાં નહીં આવે તો તેને તોડી પાડવાની ફરજ પડશે. આ માટેનું ફી ધોરણ અંગેની વધુ માહિતી udd.gujarat.gov.in પરથી તેમજ અરજીનો નમૂનો આણંદ મહાનગરપાલિકાની કચેરી ખાતેથી નિયત ફી ભરી મેળવવાનો રહેશે. તેમ નાયબ મ્યુનિસિપલ કમિશનર દ્વારા જણાવવામાં આવ્યું છે.

સરકારી જમીન અને ડેડ કેનાલ પર બાગ - બગીચા બતાવ્યા

આણંદ, વિદ્યાનગર, બાકરોલ, લાંભવેલ, જીટોડીયા, મોગરીમાં છેલ્લા દોઢ દાયકા દરમિયાન થયેલા બાંધકામોમાં બિલ્ડર લોબી દ્વારા ભ્રષ્ટાચારમાં કોઇ પાછી પાની કરવામાં આવી નથી. આ ભ્રષ્ટાચાર ત્યારે બહાર આવ્યો જ્યારે ડેડ કેનાલ પર બે માર્ગ મંજુર થયાં હતાં. આણંદના લાંભવેલથી મોગરી સુધીના રાજમાર્ગમાં તત્કાલિન કલેક્ટરે માપણી કરી તોડફોડ કરી તે સમયે અનેક રહિશોના મકાનો તૂટ્યાં હતાં. એટલે સુધી કે કેટલીક સોસાયટીના કોમન પ્લોટ આ કેનાલની જમીન પર બતાવી દેવામાં આવ્યાં હતાં. તેનાથી મોટું કૌભાંડ હાલમાં કરમસદ સુધી બની રહેલા ડેડ કેનાલ પરના રોડ પરનું છે. અહીં પણ અનેક સોસાયટીના બાગ - બગીચા કોમન પ્લોટ પર હતાં. જ્યાં રસ્તો બનતાં બિલ્ડર્સની પોલ ખુલી પડી ગઇ હતી.

આણંદ - વિદ્યાનગર રોડ પર આવેલા કોમર્શિયલ કોમ્પ્લેક્સનું શું ?

આણંદ મહાનગરપાલિકા દ્વારા ઇમ્પેક્ટમાં કોમન પ્લોટ પરના બાંધકામનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. પરંતુ આણંદ શહેરના વિદ્યાનગર રોડ પર આવેલી અનેક સોસાયટીના કોમન પ્લોટ બિલ્ડર દ્વારા બારોબાર વેચી દઇ કોમર્શિયલ કોમ્પ્લેક્સ બનાવી દેવામાં આવ્યાં છે. આ બાબતે તપાસ થાય તો મોટું કૌભાંડ બહાર આવે તેમ છે. પરંતુ હવે આ કોમ્પ્લેક્સમાં દુકાન ખરીદનારા દુકાનદારોને વેઠવાનો વખત આવશે. જે બિલ્ડરની મિલિભગતની ચાડી ખાઇ રહ્યાં છે.

કોમન પ્લોટ, પાર્કીંગ અને અગાસીના વેપલા કરાયાં

આણંદમાં બિલ્ડર દ્વારા બનાવવામાં આવેલા હાયરાઇઝ બિલ્ડીંગમાં પણ નિયમો નેવે મુકવામાં આવ્યાં છે. આ બિલ્ડર દ્વારા કોમન પ્લોટ, પાર્કીંગ અને અગાસી પોતાના કબજામાં રાખવામાં આવે છે. બાદમાં નકશા રિવાઇઝ કરી અથવા તો તંત્રની જાણ બહાર જ આ જગ્યા પર બાંધકામ કરી ખિસ્સા ભરી લેવામાં આવ્યાં છે. હવે આ ગેરકાયદે બાંધકામને નિયમિત કરવા રહિશોને મહાનગરપાલિકાના ધક્કા ખાવા પડશે અને દંડ સહિતની રકમ ભરવી પડશે.

નડિયાદ મહાનગરપાલિકામાં કામનું ભારણ વધતાં અને અરજીઓના થોથા થતાં કમિશ્નરનો નિર્ણય

નડિયાદ મનપામાં 10 વાગ્યા સુધી કામ કરવા આદેશ

દબાણ પર અંકુશ લાવવા માટે કર્મચારીઓ 8 વાગ્યા સુધી ફરજ પર રહેશે

(પ્રતિનિધિ) નડિયાદ, તા.13

નડિયાદ મહાનગરપાલિકા બન્યા બાદ 10 ગામોની કામગીરીનું ભારણ પણ વધ્યુ છે. તેમાંય ખાસ કરીને જન્મ-મરણ વિભાગમાં પહેલા કરતા કામગીરી વધી ગઈ છે. જેના કારણે આ વિભાગમાં સત્તાવાર સમય ઉપરાંત મોડી સાંજે 10 વાગ્યા સુધી કામગીરી કરવાનો આદેશ કરાયો છે. આ સિવાય દબાણ વિભાગના કર્મચારીઓએ પણ 8 વાગ્યા સુધી ફરજ બજાવવાની રહેશે.

નડિયાદ મહાનગરપાલિકામાં 10 ગામો સમાવાયા છે. અગાઉ માત્ર નગરપાલિકા વિસ્તારની કામગીરી દરમિયાન પણ જન્મ-મરણ વિભાગમાં તો કામગીરીનું ભારણ રહેતુ હતુ, તેવા સમયે 10 ગામોની કામગીરી ઉમેરાઈ છે અને આ વિભાગનું કામ બમણુ થઈ ગયુ છે.

આ કારણે હાલ મનપા કચેરીમાં એકલા જન્મ-મરણ વિભાગમાં જ 2000 ઉપરાંત અરજીઓના થોથા પડ્યા છે. જેનો નિકાલ ઝડપી થાય તે માટે મનપા કમિશ્નર દ્વારા પખવાડિયા પહેલાથી જ જન્મ-મરણ વિભાગના કેટલાક જવાબદાર કર્મચારીઓની કામગીરીનો સમય મોડી સાંજે 10 વાગ્યા સુધીનો કરી દીધો છે. આ સિવાય અન્ય કેટલાક કર્મચારીઓ પણ મોડી સાંજ સુધી ફરજ બજાવે તે માટે નિમણૂકો આપી દેવાઈ છે. જો કે, સપ્તાહથી સવારથી મોડી સાંજ સુધી ફરજ બજાવવા છતાં જન્મ-મરણ વિભાગની કામગીરી ઓછી થઈ નથી. તેમજ નવી અરજીઓ દિવસેને દિવસે વધી રહી છે, તેવા સમયે હજુ પણ જન્મ-મરણ વિભાગમાં અનુભવી કર્મચારીઓની સત્તાવાર નિમણૂકો કરાય તેવી તાતી જરૂર છે.

એક અરજીના નિકાલમાં 1 મહિનો લાગે છે

નડિયાદ મનપા બન્યા બાદ કામગીરીનું ભારણ એ હદે વધ્યુ છે કે, આજે જન્મ-મરણ વિભાગને લગતી કોઈ અરજી આપો તો તેનો નિકાલ એક માસ બાદ થાય. એટલે કે, આ વિભાગમાં હાલ જાન્યુઆરી અને ફેબ્રુઆરી માસની પણ અરજીઓ પેન્ડીંગ હોવાની માહિતી મળી રહી છે.

ગ્રામ્ય નાગરીકો માટે હેલ્પ ડેસ્કની માંગ

આ તરફ નડિયાદ મનપામાં હાલ આસપાસના ગ્રામ્ય વિસ્તારના અરજદારો ગોથે ચઢી રહ્યા છે. ફોર્મ ભરવાથી માંડી અને ક્યો વિભાગ ક્યાં આવ્યો, તે અંગે તેમને માહિતી હોતી નથી. આ સિવાય કામના ભારણથી કંટાળેલા કર્મચારીઓ પણ યોગ્ય જવાબ આપવાની બદલે તુચ્છકારતા હોય છે, તેવા સંજોગોમાં આ ગ્રામ્ય નાગરીકોને સુવિધા માટે હેલ્પ ડેસ્ક ખોલી તેમાં કર્મચારી મુકાય તે જરૂરી બન્યુ છે.

આ સિવાય કમિશ્નર દ્વારા શહેરમાં દબાણોની સ્થિતિ કાબુમાં રાખવા માટે દબાણ અધિકારી સહિત આ વિભાગના કર્મચારીઓનો સમય પણ સાંજે 8 વાગ્યા સુધી લંબાવ્યો છે.

વાસદ પોલીસ ઉંઘતી રહી અને સ્ટેટ મોનિટરીંગ સેલે દરોડો પાડ્યો

અડાસ ગામમાં જુગાર રમતાં 6 પકડાયાં, 5 ફરાર

સ્ટેટ મોનિટરીંગ સેલના દરોડામાં વાહનો સહિત કુલ ૩.4.28 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

(પ્રતિનિધિ) આણંદ તા.13

વાસદ પોલીસ તાબે આવતા અડાસ ગામમાં ચાલતા જુગારના અડ્ડા પર સ્ટેટ મોનિટરીંગ સેલે દરોડો પાડી 6ને પકડી પાડ્યા હતાં. જ્યારે વાહનો સહિત કુલ રૂ.4.28 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ગાંધીનગર સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમના પોલીસ સબ ઇન્સ્પેક્ટર આર.બી. વનારને બાતમી મળી હતી કે, આણંદના અડાસ ગામની સીમમાં આવેલા બીપીનભાઈ પટેલના ખેતરની સામે ખુલ્લી જગ્યામાં જુગારનો અડ્ડો ચાલી રહ્યો છે. આ બાતમી આધારે સ્ટેટ મોનિટરીંગ સેલ દ્વારા ટીમ બનાવી 12મી માર્ચની મોડી રાત્રે અડાસ ગામમાં જુગારના અડ્ડા પર દરોડો પાડ્યો હતો. આ દરોડાના પગલે નાસભાગ મચી ગઇ હતી. જોકે, પોલીસે કોર્ડન કરી છ શખ્સને પકડી પાડ્યા હતાં. આ શખ્સોની પુછપરછ કરતાં ગજેન્દ્રસિંહ ભાવસિંહ રાજ, વનરાજસિંહ ઉર્ફે સંપત ચંદ્રસિંહ રાજ, લખન રામભાઈ પરમાર, ભરત દાનજીભાઈ વણકર, મોહન કાભઈભાઈ ગામેચી અને સંજય કનુભાઈ ચૌહાણ હોવાનું જણાવ્યું હતું. જોકે, નાસભાગમાં પાંચ વ્યક્તિ તેમના વાહન મુકી અંધારાનો લાભ લઈ ભાગી ગયાં હતાં. આ જુગારના અડ્ડાની પ્રાથમિક તપાસમાં ગજેન્દ્રસિંહ ભાવસિંહ રાજ મુખ્ય આરોપી હોવાનું ખુલ્યું હતું. જે અંગે પોલીસે વાહન, મોબાઇલ, રોકડ સહિત કુલ રૂ.4,28,040નો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરી હતી.

ઉમરેઠમાં વૈદિક હોળી પ્રગટાવવામાં આવી

ઉમરેઠ શહેરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ગૌસેવા આયામ દ્વારા કુલ ત્રણ સ્થાન પર દેશી ગૌમાતાના ગોબર અને હવન સામગ્રી દ્વારા 'વૈદિક હોળી' પૂજન કરવામાં આવ્યું હતું. આ વૈદિક હોળીથી વૃક્ષોનું નિકંદન ઘટે છે, વાતાવરણમાં શુદ્ધતા વધે છે અને સકારાત્મક ઊર્જાનું પ્રમાણ વધે છે.

આંકલાવની હોસ્પિટલમાં ઓપરેશન બાદ પરિણીતાના મોતથી હોબાળો

કસુંબાડની પરિણીતાનું ડોક્ટરની બેદરકારીથી મોત નિપજ્યાનો આક્ષેપ

(પ્રતિનિધિ) બોરસદ તા.13

બોરસદના કસુંબાડ ગામમાં રહેતી 27 વર્ષિય પરિણીતાના ગર્ભાશયના કોથળીનું ઓપરેશન કરવા આંકલાવની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં ઓપરેશન બાદ તેને ઘરે લઈ ગયાં હતાં. પરંતુ કલાકોમાં તેની તબિયત લથડી હતી અને મોત નિપજ્યું હતું. આથી, તેના પરિવારજનો રોષે ભરાયાં હતાં અને ઓપરેશન કરનારા ડોક્ટરની બેદરકારીથી મોત થયાનો આક્ષેપ કરી તેઓએ હોસ્પિટલમાં હોબાળો મચાવ્યો હતો. જોકે, બનાવ સંદર્ભે પોલીસને જાણ થતાં તાત્કાલિક ટીમ પહોંચી હતી અને પરિણીતાના મૃતદેહનો કબજો લઈ તેને પેનલ પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યો હતો. જોકે, પોલીસે સમજાવટથી કામ લેતા મામલો થાળે પડ્યો હતો.

આંકલાવ શહેરની ડો. સંદીપ પટેલની શ્રી હોસ્પિટલમાં બોરસદના કસુંબાડ ગામમાં રહેતા હેતલબહેન કિરણભાઈ પઢીયાર (ઉ.વ.27)ને કોથળીના ઓપરેશન

માટે દાખલ કરવામાં આવ્યાં હતાં. અહીં ઓપરેશન કર્યા બાદ હેતલબહેનને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. જેથી તેઓ ઘરે ગયાં હતાં. પરંતુ ઘરે કલાકોમાં જ હેતલબહેનની તબિયત ફરી બગડી હતી. જેથી તેમને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર માટે લાવ્યાં હતાં. પરંતુ તબિબે તેમને તપાસતા જ મૃત્યુ પામેલા જાહેર કર્યાં હતાં. જેના પગલે હાજર પરિવારજનોમાં ભારે રોષની લાગણી જન્મી હતી. ડોક્ટર દ્વારા બેદરકારી દાખવવાના કારણે મૃત્યું નિપજ્યાનો આક્ષેપ કરી હોબાળો મચાવ્યો હતો. આ ઘટના અંગે આંકલાવ પોલીસને જાણ કરતાં ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહનો કબજો લઈ તેને પેનલ પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યો હતો.

આ અંગે હોસ્પિટલના ડો. સંદીપ પટેલે જણાવ્યું હતું કે, દર્દીને અહીં લાવ્યા તે પહેલાં જ મૃત્યુ થયું હતું. જેથી મેં તેમના પરિવારને પોસ્ટમોર્ટમ કરાવી આગળની કાર્યવાહી કરવા જણાવ્યુ હતુ. આમાં અમારી કોઈ બેદરકારી નથી.

ઉમરેઠ નજીક પણસોરામાં એસટી ટક્કરે યુવકનું મોત

નડિયાદ તરફ જતી એસટી બસે આગળ જતાં ટ્રેક્ટરને જોરદાર ટક્કર મારી

(પ્રતિનિધિ) આણંદ તા.13

ઉમરેઠના પણસોરા ગામ પાસે પુરપાટ ઝડપે જતી એસટી બસે આગળ જતાં ટ્રેક્ટરે જોરદાર ટક્કર મારતા યુવકનું મોત નિપજ્યું હતું.

નડિયાદના મહોરેલ ગામમાં રહેતા જયંતિભાઈ તળપદાએ ભાગે રાખેલા ખેતરમાં ટામેટાનો પાક કર્યો હતો. આ પાક વીણવા માટે ગામના મફતભાઈ ભરવાડનું ટ્રેક્ટર લઈ ખેતરે ગયાં હતાં. બાદમાં ટમેટાં વેચી રાત્રિના પણસોરાથી નિકળી ઘર તરફ જવા નિકળ્યાં હતાં. આ સમયે ટ્રેક્ટરમાં જયંતિભાઈ ઉપરાંત તેમનો પુત્ર કુલદિપ (ઉ.વ.22) પણ હતો. તેઓ વણસોલ પાટીયા નજીક પહોંચ્યાં ત્યારે પુરપાટ ઝડપે એસટી બસ ધસી આવી હતી અને સીધી ટ્રોલી સાથે અથડાઇ હતી. જેના કારણે કુલદીપ અને ટ્રેક્ટર ચાલક મફતભાઈ ઉછળીને રોડ પર ફેંકાયાં હતાં. જેના કારણે મફતભાઈ, જયંતીભાઇ અને કુલદીપ ત્રણેયને ગંભીર ઈજા પહોંચતાં નડિયાદ ખસેડ્યાં હતાં. જ્યાં કુલદીપનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ અંગે ભાલેજ પોલીસે બસ ચાલક સામે ગુનો નોંધ્યો હતો.

પેટલાદ - સોજીત્રા ખરીદ વેચાણ સંઘની ચૂંટણી સમરસ બની

સંઘના તમામ બ્લોક, ડેલીગેટ બિનહરીફ જાહેર થયાં, બે બ્લોક ખાલી રહ્યાં

(પ્રતિનિધિ) પેટલાદ તા.13

પેટલાદ - સોજીત્રા ખરીદ વેચાણ સંઘમાં ખાલી પડતી બેઠકો માટે ચુંટણી હાથ ધરવામાં આવી હતી. આ ચુંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થતા મંડળી વિભાગના તમામ બ્લોકમાં એક - એક ઉમેદવારી પત્રો ભરાયા હતા. તેવી જ રીતે ડેલીગેટ વિભાગની ચાર બેઠકો માટે ચાર જ ફોર્મ ભરાયાં હતાં. જેની આખરી યાદી પ્રસિદ્ધ થઈ હતી. આ તમામ બેઠકો ઉપર અન્ય કોઈ જ ઉમેદવારી નહીં નોંધાતા તમામ બ્લોક સહિત ડેલીગેટના સભ્યો બિનહરીફ ચુંટાયા હતા. આગામી પાંચ વર્ષ માટે બંન્ને વિભાગના 17 સભ્યોને ચુંટણી અધિકારી તથા ઈન્ચાર્જ મામલતદાર હસમુખભાઈ મકવાણાએ બિનહરીફ વિજેતા જાહેર કર્યા હતા.

પેટલાદ - સોજીત્રા ખરીદ વેચાણ સંઘની સ્થાપના સન 1950માં થઈ હતી. આમ આ સંઘને 75 વર્ષ થયાં છે. છેલ્લા ઘણા વર્ષોથી સહકારી ક્ષેત્રમાં સતત આગળ વધતા તેજસ પટેલ આ સંઘમાં 27 વર્ષથી ચુંટાઈ આવતા ડિરેક્ટર પદ ભોગવી રહ્યા છે. તેમાંય છેલ્લા 13 વર્ષથી તો તેજસ પટેલ સંઘમાં ચેરમેનપદે સત્તારૂઢ છે. સહકારી ક્ષેત્રે આગવી ઓળખ ઉભી કરનાર અને સંઘના ચેરમેન તેજસ પટેલ ખેડા જીલ્લા મધ્યસ્થ

સહકારી બેંકમાં પણ ચેરમેન છે. આ સંઘના વ્યવસ્થાપક મંડળને પાંચ વર્ષ પૂર્ણ થતાં હોવાથી પ્રાંત અધિકારીએ 24મી ફેબ્રુઆરી 2025ના રોજ ચુંટણી માટે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું હતું. આ સંઘના સંયોજીત મંડળી વિભાગની 15 તથા વ્યક્તિ ડેલીગેટ વિભાગની 4 બેઠકો માટે ચુંટણી યોજાનાર હતી. જેના ઉમેદવારી પત્રો 25મી ફેબ્રુઆરીથી 3જી માર્ચ દરમિયાન ભરાયા હતા. આ સંઘના મંડળી વિભાગની ચુંટણી બ્લોક પદ્ધતિથી યોજાઈ હતી. આ 15 પૈકી 13 બ્લોક ઉપર સમય મર્યાદામાં એક - એક ઉમેદવારી પત્રો ભરાયા હતા. જ્યારે વ્યક્તિ ડેલીગેટની 4 બેઠકો માટે એટલાજ ફોર્મ ભરાયાં હતાં. આ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન ઉમેદવારી પત્રોની ચકાસણી તથા પરત ખેંચવાના સમય દરમ્યાન સ્થિતી યથાવત રહેતા આખરી યાદી 12મી માર્ચના રોજ પ્રસિદ્ધ કરવામાં આવી હતી. આ તમામ બેઠકો ઉપર અન્ય કોઈ જ ઉમેદવારી પત્રો ભરાયા નહીં હોવાના કારણે તમામ સભ્યો બિનહરિફ ચુંટાયેલા જાહેર થયા હતા. ચુંટણી અધિકારી અને ઈન્ચાર્જ મામલતદાર હસમુખભાઈ મકવાણાએ ચુંટણી પ્રક્રિયા સંપન્ન કરી હતી.

કોણ કોણ બિનહરીફ થયું ?

સંયોજીત મંડળી : નિરંજનભાઈ પટેલ (ડભોઉ), અમિત પટેલ (સુંદરા), જ્યંતિભાઈ પટેલ (પીપળાવ), રમેશભાઈ પટેલ (ભુરાકુઈ), મેમિષ પટેલ (પીપળાવ), નિકેત પટેલ (ઘુંટેલી), ઘનશ્યામભાઈ પટેલ (ખડાણા), નવીનભાઈ પટેલ (સિંહોલ), શૈલેષભાઈ પટેલ (દંતાલી), જગદિશભાઈ પટેલ (કાસોર), નગીનભાઈ પટેલ (સુંદરણાં), ઘનશ્યામભાઈ પટેલ (ડેમોલ), રમેશભાઈ પટેલ (શેખડી), 12 અને 14 નંબરનો બ્લોક ખાલી રહ્યો. **વ્યક્તિ ડેલીગેટ :** તેજસભાઇ પટેલ (પીપળાવ), ભરતભાઈ પટેલ (પેટલાદ), ભાસ્કરભાઈ પટેલ (મહેળાવ), અશ્વિનભાઈ પટેલ (પીપળાવ).

ખંભાત પાલિકાને પ્રમોશન 'અ' વર્ગમાં મુકવામાં આવી

ખેડામાં કપડવંજ, ચકલાસી અને ડાકોર 'બ' વર્ગમાં સમાવેશ કરાયો

(પ્રતિનિધિ) આણંદ તા.13

આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લામાં સમાવિષ્ટ નગરપાલિકાને રાજ્ય સરકાર દ્વારા અપગ્રેડ કરવામાં આવી છે. જેમાં ખંભાત નગરપાલિકાને 'અ' વર્ગમાં મુકવામાં આવી છે. આ ઉપરાંત મહિસાગરના લુણાવાડા નગરપાલિકાને પણ 'અ' વર્ગમાં મુકવામાં આવી છે. જેથી વિકાસના કામોમાં ગ્રાન્ટ વધુ મળશે.

આણંદ અને નડિયાદને મહાનગરપાલિકાના દરજ્જો મળ્યા બાદ રાજ્ય સરકાર દ્વારા પાલિકાઓને પણ અપગ્રેડ કરવા એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. જેમાં એક લાખથી વધુ વસતી ધરાવતી પાલિકાને 'અ' વર્ગ, 50 હજારથી એક લાખ સુધીની વસતીમાં 'બ' વર્ગ, 25 હજારથી 50 હજારની વસતીમાં 'ક' વર્ગ અને 15 હજારથી 25 હજારની વસતીમાં 'ડ' વર્ગનો સમાવેશ થાય છે. આ ઉપરાંત જિલ્લા મથકની નગરપાલિકાના અપગ્રેડ કરવા મુદ્દે લાંબા સમયથી ચર્ચા ચાલી રહી હતી. આ પરિપત્રમાં મહિસાગર જિલ્લા કક્ષાની લુણાવાડા નગરપાલિકાનો 'અ' વર્ગમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ધાર્મિક સ્થળોની નગરપાલિકા છે ત્યાં રોજબરોજ આવતા યાત્રાળુઓની સંખ્યાને ધ્યાનમાં રાખી ચાર નગરપાલિકા અપગ્રેડ કરવામાં આવી છે, જેમાં ડાકોરનો સમાવેશ કરાયો છે.

કઇ પાલિકા ક્યા ગ્રેડમાં ?

અ વર્ગ : ખંભાત, લુણાવાડ.
બ વર્ગ : બોરસદ, પેટલાદ, કપડવંજ, ચકલાસી, ડાકોર, બાલાસિનોર.
ક વર્ગ : ઉમરેઠ, આંકલાવ, બોરિયાવી, મહેમદાવાદ, ખેડા, કઠલાલ, સંતરામપુર.
ડ વર્ગ : સોજિત્રા, મહુધા, કણજરી, ઠાસરા